ॐ

સુધા–ચંદ્ર.

નાટકનાં ગાયનો.

લેખક—નૃસિંહદાસ ભગવાનદાસ વિભાકર
બી. એ. એલ. એલ. બી., બૅરિસ્ટર-એટ-લૉ.

છપાવી પ્રસિદ્ધ કરનાર
બાપુલાલ ભી. નાયક.
મુંબઈ ગુજરાતી નાટક મંડળીના માલિક.
ભારતભુવન થીએટર—અમદાવાદ.

આવૃત્તિ ૫ મી. પ્રત ૫૦૦૦
સંવત ૧૯૭૮ સને ૧૯૨૨

જૈન એડવોકેટ પ્રેસ [illegible]
[illegible]
ઠે. ઘીકાંટા વાડી—અમદાવાદ.
મૂલ્ય. ૦—૪—૦

પાત્ર નામાવલિ.

પુરુષ પાત્રો.

ચન્દ્રકુમાર—કુસુમપુરના મર્હુમ મહારાજા **સુભટસિંહનો** કુમાર, 'લુટારો ચંદ' તરીકે ઓળખાતો, મહાન્ આત્મત્યાગી, બહાદુર, લોકનાયક; **સુધાસુંદરીનો** પ્રાણેશ.

સુરેન્દ્રસિંહ—કુસુમપુરની ગાદી ઉપર સ્થપાયેલો, અસ્થિર મનનો રાજા.

વિહારકેતુ—કુસુમપુરનો કાવત્રાંખોર મહત્ત્વાકાંક્ષી વજીર; **કુંજલીલાનો** ભાઈ.

રાવસાહેબ કનકરાય—કુસુમપુરનો વાંચખાઉ રેવન્યુ કમીશનર, લતાકુમારીને મોહાવનાર યુવક; લયલાનો **ટ્રસ્ટી.**

દિલીપસિંહ—ધવલદ્વીપનો નૃપતિ, **સુધાસુંદરીનો** ભાઈ; **કુંજલીલાનો** પ્રિયતમ.

રોશન—'હિપ્નૉટિસ્ટ,' જાદુગર આદિના છૂપા વેશમાં સુધાસુંદરી, **કુંજલીલાને** લગ્નવિધિથી પરણેલ પતિ !

ચમનકાન્ત ગમનકાન્ત ભ્રમણકાન્ત વિલાયતી—લાંબુ મગરૂર નામ ધરાવનાર કુસુમપુરનો રંગીલો નગર શેઠ.

અરવિંદ—કનકરાયનો પ્રાઇવેટ સેક્રેટરી

કમલાકર—અરવિંદે લેખક તરીકે બહાર પાડેલું પોતાનું નામ, રોશને બનાવટી રાજકુમારનું ધારણ કરેલું નામ, લયલાનું પ્રેમપાત્ર

એ ઉપરાંત, ભક્તજનો, સિપાહીઓ, શહેરીઓ, વેપારીઓ, ન્યુસપેપર વહેંચનારા છોકરાઓ, હમાલ, દરવાન, વગેરે.

સુધાસુંદરી—ધવલગિરિના નરેશ દિલીપસિંહની બ્હેન, રત્નકુમારની પ્રિયતમા.

આશાદેવી—કુસુમપુરના મર્હુમ મ્હારાજા સુભટસિંહની રાજ્ય-કુશળ મહારાણી; સહુ કોઈ તરીકે ઓળખાતી ઇંદિરા ચંદની માતા.

કુંજલીલા—વજીર વિદ્યાશેઠની બ્હેન, દિલીપસિંહની હમેશરી.

લતાકુમારી—આશાદેવીની વિદુષી શિષ્યા, કનકરાયની રાજકન્યા.

કમલાસુંદરી—એક શ્રીમંત કુટુંબની ... નામને મુગ્ધી લટ્ટુ.

મંજરી.—સુધાસુંદરીની સખી.

પદ્મિની
પ્રમદા | કુંજલીલાની સાહેલીઓ.

એ ઉપરાંત, કન્યાઓ, દાસીઓ, અન્ય સખીઓ, વગેરે.

સ્થળ—કુસુમપુર, ધવલગિરિ, પુષ્કર સરોવર, મલયશિખર અને તેના તળેટી.



સુધા–ચંદ

નાટકની રૂપરેખા.

અંક ૧ લો.

આમુખ—ઈશ્વર સ્તવન અને વસ્તુ રહસ્યનું સૂચન.

પ્રવેશ ૧ લો.

સ્થળ—મલયશિખરની તળેટીમાં સતી આશાદેવીનો આશ્રમ.

સાધ્વી આશાદેવીના દર્શને અનેક ભક્તજન આશ્રમે આવેલા છે. અને ભજનની ધૂન મચી રહી છે. એટલામાં આશાદેવીની શિષ્યા લતાકુમારી, તથા [illegible] દર્શનાર્થે આવેલી, કુસુમપુરના વજીરની બહેન કુંજલીલા પ્રવેશે છે. ભક્તોનું વિદાય થવું. કુંજલીલાનું પોતાના કેમ્પ તરફ જવું. આજ્ઞાથી કુસુમપુરના રેવન્યુ કમીશનર રાવબહાદુર કનકરાવ તથા [illegible] મેળાપ [illegible] મલયશિખરના બહાદુર, અતિઆગ્રહી, 'સુધાચંદ' નું પોતાની માતા આશાદેવીને મળવા આવવું. આશાદેવીએ પોતાનો ગુપ્ત ઇતિહાસ ચંદને કહેવો. પોતે કુસુમપુરની ગાદીનો વારસ છે તે જાણીને ચંદનું આશ્ચર્ય, અને પોતાના પિતાનું ખૂન કરાવનાર વજીર વિહારસિંહ ઉપર વેર લેવાની તેની ભીષણ પ્રતિજ્ઞા.

પ્રવેશ ૨ જો.

સ્થળ—મલયશિખર ઉપર હવા ખાવાનું સ્થળ.

"મલયશિખર" ની ખુશનુમા હવા લેવાને તેની પાસે આવેલા ટાપુ "ધવલદ્વીપ" ની રાજકુમારી સુધાસુંદરી, તેની સાહેલીઓ સાથે આવેલી છે. એજ સ્થળે કુસુમપુરનો વજીર વિહારસિંહ જે હવા-

કેર તથા વિહાર મા... ... ...

આવી પહોંચે છે. સુખાને જોઈને વિહારકેતુનું મોહિત થવું; સુખા સાથે વાત કરવાનું પણ સદ્ભાગ્ય પ્રાપ્ત નહિ થવાથી વિહારની બલાત્કારની તૈયારી તેજ ક્ષણે ચંદ ગર્જના કરતો પ્રવેશે છે. વિહાર અને ચંદ વચ્ચે ચકમક. ચંદના આક્રમણથી વિહારનું મ્હોત થવું. ચંદને જોઈને મુગ્ધ થયેલી સુખા તથા તેની સખીઓનું વિદાય થવું.

પ્રવેશ ૩ જો.

સ્થળ—મલયશિખરની તળેટી તરફનો રસ્તો.

સુખા ઉપર મોહિત થયેલો વિહાર કોઈ રીતે સુખાના ભાઈ અને મલયદ્વીપના રાજા દિલીપસિંહ ઉપર કાબુ મેળવી તેની બ્હેનની માગણી કરવાની યુક્તિ રચે છે. રાવસાહેબ કનકરાય કોઈ રીતે મલયશિખર હવા ખાવા આવેલા દિલીપને ફુસલાવીને વિહાર પાસે લઈ આવવાનું બીડું ઝડપે છે. બંને છૂટા પડે છે ત્યાં ભૂલી પડેલી કુંજ પ્રવેશે છે. રસ્તો શોધવાની ગભરામણમાં કુંજ ઉભી છે ત્યાં દિલીપનું આવવું. તરુણ યુગલનું તારામૈત્રક. દિલીપ રસ્તો બતાવે છે, ત્યાં કનકરાય દાખલ થાય છે. વઝીર સાહેબની બ્હેન ઉપર કરેલા ઉપકારના બદલામાં દિલીપને આગ્રહપૂર્વક કનકરાય વઝીર સાહેબને ત્યાં અતિથિ તરીકે લઈ જાય છે.

પ્રવેશ ૪ થો.

સ્થળ—કુસુમપુરમાં મહારાજા સુરેન્દ્રસિંહનો બગીચો.

મોડી રાત્રિ છતાં મહારાજા સુરેન્દ્રસિંહને નિદ્રા નહિ આવવાથી ભૂતકાળના બનાવો માટે પસ્તાવો કરતો તે પોતાના બગીચામાં ઉભો છે, ત્યાં રસ્તા ઉપર પસાર થતી આશાદેવીના ભજનનું લોહચુંબક સુરેન્દ્રને આકર્ષે છે. સુરેન્દ્ર તથા આશાદેવીનો જ્ઞાનાલાપ. સુરેન્દ્રની વૈરાગ્યવૃત્તિ જાગૃત થાય છે. વાનપ્રસ્થ થવાનો નિશ્ચય. તેજ ક્ષણે વઝીર વિહારકેતુને બોલાવવો. તાજ વિહારને આપવાનો સુરેન્દ્રનો સંકલ્પ. વિહારનો અંતર્ગત આનંદ. સુરેન્દ્રનું મહેલમાં જવું. પાસો ઉંધો પડવાથી આશાદેવીનું ચંદને મળવા વિદાય થવું.

સ્થળ—મલયશિખર ઉપર ચંદની ફૂલવાડી.

ચંદને ધવલદ્વીપ આમંત્રણ કરવાને તથા પોતાના ઉપર કરેલા ઉપકારના બદલામાં પુષ્પની ભેટ ધરવાને સુધાનું ચંદની ફૂલવાડીમાં આગમન. ચંદ તથા સુધાનો સ્નેહાલાપ. તુરતજ આશાદેવીનું પ્રવેશવું. દિલીપના ગુમ થવાના તથા વિહારના રાજ્યાભિષેકની તૈયારીના સમાચાર આપી, ચંદને ઉશ્કેરી, આશાનું જવું. દિલીપને બચાવવાને તથા વિહારનો રાજ્યાભિષેક અટકાવવાને ચંદનું સુધાથી છૂટા પડવું.

—:૦:—

પ્રવેશ ૬ ઠ્ઠો.

સ્થળ—કુસુમપુરમાં કનકરાયનો બંગલો.

કનકરાય દિલીપને યુક્તિથી કુસુમપુર લઇ આવેલ છે, વઝીરની માગણી દિલીપને જાહેર કરતી દિલીપનું ઉશ્કેરાવું. એટલામાં વિહારનું પ્રવેશવું અને બળાત્કારથી દિલીપને કેદ કરી ઉપાડી જવો. પાછળથી કનકરાયના પ્રાઇવેટ સેક્રેટરી અરવિંદનું તથા "ચમનકાન્ત ગમનકાન્ત ભ્રમણકાન્ત વિલાયતી" નું મગરૂર નામ ધરાવતા નગરશેઠનું પ્રવેશવું. લવલાસુંદરી નામની તરૂણ વિદુષી છોકરીના કનકરાય ટ્રસ્ટી હોઇને ચમનકાન્ત શેઠ ટ્રસ્ટી મહાશય મારફત લવલા સાથે પોતાના લગ્નની તજવીજ કરે છે. દરેક વસ્તુ 'બિઝનેસ' ની દ્રષ્ટિથી જોનાર શેઠ સાહેબની શરતો. એટલામાં લવલાનું આગમન થવું. લવલાના હાથમાં "[illegible]" નું પુસ્તક જોઇ શેઠસાહેબના મગજનું ઉકળી જવું. પોતે હવે ઉમરે લાયક થવાથી લવલાએ પોતાની મિલકતનો કબજો માગવો. ટ્રસ્ટી સાહેબની શરત; લવલાનો તિરસ્કાર.

—:૦:—

પ્રવેશ ૭ મો.

સ્થળ—વિહારના મહેલમાં કારાગૃહ.

દિલીપને વઝીરે પોતાના મહેલના એક ગુપ્ત કારાગૃહમાં કેદ રાખ્યો છે, પોતે અજાણતાં દિલીપને ફસાવવામાં કારણભૂત થઇ તે માટે કુંજ દિલીપ પાસે અશ્રુપાત કરી રહી છે. દુઃખનાં વાદળોમાં

દિલાસાની લાજ ...
દિલીપ પાસે સુખાની માગણી. દિલીપ ક... ... કુ...
પોતાના બંધુને ચેતવણી.

—:o:—

પ્રવેશ ૮ મો.

સ્થળ—કુસુમપુરનો દરબાર.

વિહારનો રાજ્યાભિષેક કરવાનો સુરેન્દ્ર પોતાનો નિશ્ચય જાહેર કરે છે અચાનક તાજ ચોરાયાના દિલ ઉશ્કેરનારા સમાચાર, તાજની જગાએ લટકતો ચંદનો ભયંકર પત્ર. પત્રમાં ચંદની ધમકીઓથી દરબારમાં ગભરામણ. છેવટે બીજા તાજથી વિહારના રાજ્યાભિષેકની તૈયારી. અણીને વખતે ચંદનું પ્રવેશવું. સર્વનું આશ્ચર્ય! સુરેન્દ્ર અને ચંદ વચ્ચે સંવાદ. સુરેન્દ્રે પુછેલો માર્મિક પ્રશ્ન:—"તું રાજા થાય તો તું શું કરે?" ચંદનો આશ્ચર્યજનક ઉત્તર! સુરેન્દ્રનું કુતૂહલ. વિહારનો રાજ્યાભિષેક મુલતવી રાખવો. સર્વના આશ્ચર્ય વચ્ચે ચંદને સંપૂર્ણ રાજસત્તા સોંપી અમાત્યપદ આપવું.

પડદો.

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—રાજ અમાત્ય કનકરાયનું દીવાનખાનું.

લતા તથા કનકરાયનો મેળાપ. કનકરાયનું ખરા રૂપમાં પ્રકાશવું અને તેની વિકારમય માગણીનો તિરસ્કાર કરી લતાનું જવું. એટલામાં વેપારીના છૂપા વેશમાં ચંદનું કેટલાક શહેરીઓ સાથે આવવું. રેવેન્યુ કમીશનર તરીકે કનકરાય પાસે લાંચ રૂશ્વત તથા ... કર માટે શહેરીઓની ફરિયાદ કનકરાયની બેપરવાઈ. દરમિયાન વિહારે આવી ચંદ તથા શહેરીઓનું વધારે અપમાન કરવું. અમાત્યનું જાહેર થવું અને વઝીર તથા રેવેન્યુ કમીશનરને બરતરફ કરી અરવિંદને જવાબદારી સોંપવી.

—:o:—

પ્રવેશ ૨ જો.

સ્થળ—કુસુમપુરની “કુસુમ વાટિકા.”

આજે કુસુમપુરની કુમારીકાઓ અને સુંદરીઓ “કુસુમ વાટિકા’ માં વસન્તોત્સવ ઉજવી રહી છે. કુંજ સાથે તેની સખીઓનો લગ્ન અને કૌમારવ્રત સંબંધી વાર્તાવિનોદ દરમિયાન એક બાજુથી લતાનું અને બીજી બાજુથી ગુમ થએલા પોતાના બંધુને શોધવા નીકળેલા સુધાનું જાદુગર “રોશન” ના છુપા વેશમાં પ્રવેશવું. રોશન યુક્તિથી પોતાના બંધુ સંબંધી બાતમી મેળવે છે. પોતાના હૃદયનાથ દિલીપને બદલે કનકરાય સાથે પોતાના લગ્ન ચોકસ થવાથી કુંજનો આપઘાત કરવાનો સંકલ્પ. લતા તથા રોશનને કુંજને આ લગ્નની આફતમાંથી બચાવવાનું વચન આપવું. લતાનો આત્મભોગ.

———:o:———

પ્રવેશ ૩ જો.

સ્થળ—કુસુમપુરનો એક રસ્તો.

“સ્વતંત્ર પંચ” અને “સત્ય શોધક” નામના છાપાઓ વહેંચતા પોરિયાઓ રસ્તા ઉપરથી પસાર થાય છે. ચમનકાન્ત “સ્વતંત્ર પંચ” ના રમુજી પ્લેકાર્ડમાં રાવસાહેબ કનકરાયના રાજીનામાના સમાચાર વાંચે છે. લવલાને એજ પ્લેકાર્ડ દ્વારા બાતમી મળે છે કે “સ્વતંત્ર પંચ” નો તંત્રી તેણીની સ્વપ્નસૃષ્ટિનો “કમલાકર” હતો. ચમન તથા લવલાનો મેળાપ અને “લાયક” ની લવ પૂજા. એટલામાં કનકરાયનું પ્રવેશવું, ‘સ્વતંત્ર પંચ” ના “મહાકાણ” વાંચી રાવ સાહેબનું સેજું ગેપ!

———:o:———

પ્રવેશ ૪ થો.

સ્થળ—અ[illegible]ની લાયબ્રેરી.

રાજનીતિ સંબંધી ચંદ્ર અને પ્રજાપ્રિય મંત્રીનું દિગ્દર્શન. સુધાના સખા તરીકે રોશનને ચન્દ્ર પાસે આવવું. સુધાએ આપઘાત કર્યાના રોશનને ખોટા સમાચાર ચન્દ્રને આપવા. ચન્દ્રના હૃદયને આઘાત. દિલીપ વઝીરને ત્યાં કેદ હોવાના સમાચાર સુધાએ આપવા. વિહારીલાલને ત્યાં કુંજના લગ્નમાં મહારાજા સાથે આવવાનો સંદેશ.

પ્રવેશ ૫ મો.

સ્થળ—લયલાસુંદરીનું ગૃહ.

પ્રેમ નામધારી કમલાકરના કોઈ કહેવાતા મિત્રને મળવાને આજે લયલા આતુર થઇ રહી છે, ત્યાં શોફરના બનાવટી લેબાસમાં મિ૦ ચમનકાન્ત વિલાયતી દાખલ થાય છે. શોફરની નોકરી માટે લયલા પાસે મિ૦ વિલાયતીની મહાન્ ઉમેદવારી. એટલામાં દિલીપને ન્હસાડવા અર્થે મોટર મેળવવાની ખાતર સુધા કુંજના લગ્નમાં આગલાં બનાવટી આમંત્રણ આપવા અને મોટરની માગણી કરવા આવે છે ઓળખાણ પૂછતાં સુધા "કમલાકર" ની બ્હેન બની જાય છે! તુરતજ "કમલાકર" ના મિત્રના ખોટા નામથી અરવિંદ પ્રવેશે છે. "કમલાકર" ની "બ્હેન" અને "કમલાકર" ના "મિત્ર" ના ગોટાળાથી દિંગ્મૂઢ થયેલી લયલાને અરવિંદ પોતેજ "કમલાકર" હોવાનું જાહેર કરી વધારે ગુંચવણમાં નાંખે છે. તક જોઇને મિ૦ વિલાયતી પણ "કમલાકર" હોવાનો દાવો કરે છે. ગુંચવાડામાં વધારો મિ૦ વિલાયતી 'ક્રૉસ' માં ફસાયા !

———:૦:———

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—વઝીરને ત્યાં લગ્નમંડપ.

કુંજને બદલે ઘુમટામાં છૂપાયેલી લતાનો કનકરાય સાથે હસ્તમેળાપ થઈ જાય છે. સુરેન્દ્ર તથા ચંદ્રનું આગમન લગ્ન પૂરાં થતાંજ રઘુ ખવાસ રોશનને બાંધીને હાજર કરે છે અને દિલીપને ન્હસાડયાના ચમકાવનારા ખબર આપે છે; સુરેન્દ્રસિંહની તપાસમાં મૂર્ખ રઘુ બધું પોકળ ખુલ્લું કરી દે છે. મહારાજાનું તથા ચન્દ્રનું વિલય થવું. પાછળથી કુંજનું દાખલ થવું કનક અને લતા પરણ્યાનો ભેદ ખુલ્લો થવો વિહારનો કુંજ ઉપર ક્રોધ, એક હલકા ખવાસ સાથે કુંજને બળાત્કારથી પરણાવવાનો પ્રયત્ન; રોશનની દ્વિધતા અને સમયસૂચકતા, છેવટે રોશન અને કુંજનાં લગ્ન !

ટેબ્લો.

અંક ૩ જો.

———:o:———

પ્રવેશ ૧ લો.

સ્થળ—વઝીરના મહેલનો એક ભાગ.

વિહારકેતુ તથા કનકરાયનો સંકેત, મર્હૂમ મહારાજા સુરત-સિંહનો બનાવટી ખોટો કુમાર ઉભો કરવાનો અને તેમાં રોશનનો ઉપયોગ કરવાનો ઠરાવ, રોશનનું આ યુક્તિમાં જોડાવું.

———:o:———

પ્રવેશ ૨ જો.

સ્થળ—કુસુમપુરના દેવીમંદિરની નજદીકમાં.

નાહાસેલો દિલીપ થોડો સમય અહિં રોકાયો છે. હવે ધવલ-દ્વીપ ઉપડવાની તૈયારી કરવા તે જાય છે. એટલામાં દેવીનાં દર્શને નીકળેલું રોશન-કુંજનું જોડું આવે છે. કુંજનો હૃદયદ્રાવક કરુણાલાપ. રોશનની કુંજ ઉપર દિલાસાકારક અસર. અચાનક દિલીપનું આવવું, ત્રીપુટિનું મીલન પોતે એક સ્ત્રી છે એમ રોશને જાહેર કરવું. કુંજ અને દિલીપનો આનંદ. દિલીપનું વિદાય થવું. કુંજ અને રોશનને એકાંત!

———:o:———

પ્રવેશ ૩ જો.

સ્થળ—"ચમન વિલા."

ચમનકાન્ત શેઠના "ચમન વિલા" નામના બંગલામાં કહેવાતા "કુમાર કમલાકર" ને માનપત્ર આપવાને શહેરીઓના નામથી વિહારકેતુએ એક મેળાવડો ઉભો કર્યો છે. "કમલાકર" બનેલા રોશનને રાવ સાહેબ મારફત માનપત્ર અપાયા બાદ લવલાની "કમલાકર" સંબંધી શંકાઓનું નિવારણ. ભેદમાં ભેદ! છેવટે લવલાએ અરવિંદનો કરેલો સ્વીકાર.

———:o:———

પ્રવેશ ૪ થો.

સ્થળ—મલયશિખરની તળેટી.

આશાદેવી તથા ચંદ્રની મસલત, સુરેન્દ્ર સામે રણસંગ્રામમાં ઝૂકાવવાનો નિશ્ચય, દિલીપને સાથે જોડવાનો સંકલ્પ, લગ્નનું આવવું અને "કુમાર કમલાકર" ને માનપત્ર અપાયાના સમાચાર આપવા આશાદેવીએ ધવલદ્વીપ ઉપડવું. ચન્દ્રના સ્વગત વિચારો. અચાનક સુધાનું પ્રવેશવું. પ્રિયા-પ્રિયતમનું હૃદયદ્રાવક મિલન.

—:o:—

પ્રવેશ ૫ મો.

સ્થળ—ધવલદ્વીપમાં "ધવલ મહાલય."

દિલીપ તથા કુંજ ધવલદ્વીપ પહોંચી ગયાં છે. કુસુમપુરથી સુધાએ લખેલ પત્ર સંબંધી બંને વાર્તાવિનોદ કરી રહ્યાં છે એટલામાં વિહારકેતુનું આવવું અને સુરેન્દ્રસિંહનો પત્ર આપવો. દિલીપ તથા ચંદ્ર કુસુમપુર સામે કાવત્રુ રચતા હતા અને તેથીજ દિલીપને વિહાર કેદ કર્યો હતો એવી જૂઠી હકીકત સુરેન્દ્રના અસ્થિર મન ઉપર ઠસાવવામાં આવી હતી, તેથી ચંદ્ર સામે કેટલાક પુરાવા મેળવવાને વિહારને ધવલદ્વીપ મોકલવામાં આવ્યો હતો. વિહારનો તિરસ્કાર. આશાદેવીનું આવવું અને વિહારને નમાવવો.

—:o:—

પ્રવેશ ૬ ઠ્ઠો.

સ્થળ—ચન્દ્રના રાજમહેલનું ઉદ્યાન.

અરવિંદ અને ચન્દ્ર એકાંતમાં. ચન્દ્રે પોતાનો ગુપ્ત ભેદ અરવિંદને જાહેર કરવો. ચન્દ્રનો રાજ્યાભિષેક કરાવવામાં સાહાય્ય આપવાનું અરવિંદનું વચન. તુરતજ સુરેન્દ્રસિંહનું પ્રવેશવું ચન્દ્ર ઉપર આરોપ. એટલામાં વિહારનું ધવલદ્વીપેથી આવવું. સુરેન્દ્રનો ચન્દ્ર ઉપર ક્રોધ, ચન્દ્ર પોતાનું અમાત્યપદ તિરસ્કારથી ફેંકી દઇ ચાલતા થવું. સુરેન્દ્રની ચિંતા. "કુમાર કમલાકર" ને ગાદી આપવાની વઝીરની સૂચના.

—:o:—

પ્રવેશ ૭ મો.

સ્થળ—પુષ્કર સરોવર પાસે સંકેતસ્થાન.

મલયશિખર પાસે આવેલા આ સંકેતસ્થાને દિલીપ, ચન્દ્ર આશાદેવી, વગેરે મળવાના છે, કુંજ અને દિલીપ અગાઉથી આવી ગયાં છે, ત્યારબાદ સુધા આવતાં રોશનનો ભેદ ખુલ્લો થવો અને ભાભી નણંદ વચ્ચે મીઠી મશ્કરી, ચન્દ્ર, આશાદેવી અને અરવિંદનું આવવું. રાજદ્વારી મસલત. બનાવટી કુમારને ખુલ્લો પાડી કુસુમપુરનું રાજ્ય જુલમી અને અન્યાયી હાથમાંથી છોડાવવાનો દઢ નિશ્ચય કરી સર્વનું વિદાય થવું.

—:o:—

પ્રવેશ ૮ મો.

સ્થળ—કુસુમપુરનો દરબાર.

"કુમાર કમલાકર" ને તાજ પહેરાવવાનીતૈયારી થાય છે ત્યાં આશાદેવી અને ચન્દ્રનું પ્રવેશવું. સુભટસિંહનો પાટવી કુમાર કમલાકરજ છે તેની સાબીતી માગવી. સુરેન્દ્રનો ક્રોધ. લશ્કરી સત્તાનો ઉપયોગ કરવાની સુરેન્દ્રની ધમકી. તુરતજ દિલીપે લશ્કરી માણસો સહિત દાખલ થવું, બન્ને બાજુ વચ્ચે ઝપાઝપી, "કુમાર કમલાકર" નું વચમાં પડવું અને તાજ કોઇ લોકનાયકને આપવાની કમલાકરની વિનતિ. "કુમાર કમલાકર" નેજ તાજ મળવો જોઇએ એવો વઝીરનો આગ્રહ. છેવટે આશાદેવીનું સુભટસિંહના મહારાણી આશાનંદિની તરીકે, કમલાકરે રોશન તરીકે અને પછી સુધા તરીકે, અને સુથાર ચંદ્રે સુભટસિંહના પાટવી ચન્દ્રકુમાર તરીકે જાહેર થવું! સુરેન્દ્રનું મહાત થવું. ચન્દ્રની ઉદારતા અને ગુન્હેગારોને ક્ષમા. ચન્દ્રે તાજનો ત્યાગ કરવો અને કુસુમપુરને પ્રજા સત્તાક રાજ્ય જાહેર કરવું.

ટૂંકામાં.

સુધા-ચંદ્ર

નાટકના ગાયનો.

અંક ૧ લો.

કુમારીઓ— ૧

તાત તું છો દિલનો દુલારો,
જીવન દીન અમ, તોય તું અમારો. તાત૦
પતિતપાવન પ્યારો,
અંધનો આધાર ન્યારો,
સ્નેહી એક તું અમારો,
યાચું હાથ તારો રે. તાત૦

નદી—

પ્રેમી પ્રીતિથી ઝરતાં, હાં રે હાં,
પ્રેમ તપનું ધ્યાન ધરતાં,
પ્રેમનાં સરવરમાં વરસતાં, પ્રેમઝરણાં. પ્રેમી૦
પ્રેમી દિલમાં વ્હાલ સરતાં,
પ્રેમી સુખમાં ફૂલ ઝરતાં,
પ્રેમી મધુનાં પૂર ભરતાં,
પ્રેમી તપનાં પુણ્ય ફળતાં,
પ્રેમી સકલ જગને સુહાવે. પ્રેમી૦

ભક્તજન— ૩

દુનિયા કોઇ કહે સ્વર્ગજ ન્યારો,
કોઇ દુઃખોનો ભારો હોળી;
દુઃખમાં ને સુખમાં ફરક એક એ,

...જ ઘટ કાળો કે રૂપાળો રે,
જાયે ફુબી રૂપાળો ના કાળો હોઇ,
છિદ્ર પડે કર્મોનાં ઘટ માંહિ
અંતર વારિ જાતું ખોવાઇ—જાયે૦
નાથ હાથ તારણુ રઘુનંદન,
ભર દરિયામાં તારે રે,
સ્મરિયે સતા જગજીવન સ્વામી,
[illegible] માંહિ આ [illegible]—જાયે૦

લતા કુમારી—

છે જીવન આ [illegible] પાયે,
પ્રીત સુહાયે, દિલ લુભાયે,
સ્નેહી વિના મન માંહે મુંઝાયે. —છે૦
મોહન ચરણે આનંદ નિશદિન,
નયન અમૃત વરસે,
આમ દિલ તલસે,
રસ મોહિનીથી સુહાયે,
સ્નેહ રાગનાં પાન કરાયે. —છે૦

આશાદેવી ૫

મૃગજળવત્ જગ ના, ના મોહિની માયા,
લીલા છે આત્મની અનેરી, સજ્જનિયાં,
સાચી આલમ છે સાચું મન સાચી કાયા—મૃગજળ૦
રામ સમાન જગે જે અવતરે રાયા,
ત્યાં યજ્ઞ સત્યના મંડાયા, સજ્જનિયાં—સાચી૦
વચને ઝરતાં જ્યાં અમી, કર્મો પાવનિયાં,
આત્મનાં દર્શન ત્યાં ઉજવળિયાં, સજ્જનિયાં—સાચી૦
તન જે પુનિતમાં કૃષ્ણ કનૈયા પધાર્યા,
[illegible] ત્યાં વિઠુલિયા, સંતનિયાં, સજ્જનિયાં—સાચી૦

ચંદ્રકુમાર— ૬

આળીને વેરાન કરૂં, ઠામ ઠામ તણું,
અમર કરૂં નામ, ધ્રૂજાવું આસમાન,
હણું દુષ્ટ પ્રાણ. આળીને૦
ચરણ નમાવું શત્રુ કેરાં શિર ધરી,
સાગર છલાવું પાપી કેરાં રક્ત ભરી,
ઉતારૂં અરિ ગુમાન,
વૈર તણી આપી હામ, ન વૈર વિના આરામ-આળીને૦

સુધાસુંદરી— ૭

લલિત લીલા છાઈ,
અવનીમાં અમોલી,
લસતી મોહિની એ, કુંજ કુંજે નવેલી—લલિત૦
મધુર રસ સિંચે જ્યાંહિં ભીતર મધુરી,
દિલ રસિક ડોલે મોહિ મોહિ. —લલિત૦

સુધાસુંદરી— ૮

પ્રાણપુષ્પે વારિ સિંચ્યાં સુમધુરાં શીતલાં,
પુણ્યશાલી માત્રી ભેટયા, પાન પાયાં નિર્મલાં,
પાન પ્યારાં, એ અનેરાં, છે અમૂલાં. —પ્રાણ૦
કેમ ચૂકવું ઋણ દિલનું હું ન સમજું મુગ્ધશી બાલા આ,
એક આપું હું આશા આ,
સ્નેહી સદા સિંચો સુધાની ધારા. —પ્રાણ૦

કુંજલીયા— ૯

હૈયું હું તો હારી,
રહ્યું જે હોય નિજનું તે જાઉં વારી,
માલિકી ના મારી. —હૈયું૦

... નાચડું;
... નહથી ધવાઇ નેન મ્હારાં,
હરાઇ જાદુથી પ્રભા પ્રીતિની છાક,
માગો વચન શી? જ્યાં છુ હું પરાઇ.—હૈયું૦

કુંજલીલા— ૧૦

આંગણાં હોય રે સ્નેહીથી શોભનિયાં,
પગલાં પ્રીતિ-પાવનિયાં. —આંગણાં૦
વનમાં સ્નેહી સાંપડ્યા. પંથી પુણ્ય પ્રાપ,
જ્યોતિ ચંદ્ર ચકોરની રજનીનો જ્યમ સાથ;
ઉજળાં કરો મંદિરિયાં. —આંગણાં૦

આશાદેવી— ૧૧

રહી જશે જ આશા અધુરી.
બાપુ! લે તું જન્મ સુધારી.
માયા છોડી દે તું સારી, બાજી જાશે હારી—બાપુ!
આત્મનને આલિંગી લે તું ના ફાવશે દેહધારી,
આત્મ અમીરસ જ્યોત ન ઝીલી સૃષ્ટિ સૌ અંધારી—બાપુ!
સુખ દુઃખ છે આ નવ આલમમાં, ભીતર સુખ દુઃખકારી;
તજો દ્વંદ્વ સંસાર તણા સૌ એક અલખ નિહાળી.—બાપુ!

સુધા— ૧૨

હા, પ્રીતિ જ્યોતિ જળી,
પ્રિય લોચનિયાં નિહાળ્યાં ખીલી દિલ કળી—હા૦
સુશીતલ વાયુ સરે,
આત્મવીણા મંજુ મંજુ સૂર ભરે,
એ રસ દિલે ઝરે,
સ્નેહ સુરભિથી વધાવે સ્વામીને કિંકરી—હા૦

સુધા—

પ્રિય સ્નેહ-સમીરે સ્વર્ગે સરે,
વ્હાલનાં મીઠડાં મોત્રાં, ગીતો ઉભરે,
મોહે ઉર ઘેલાં બને ઓ દિલબર—સમીરે૦
વાલી જશો ના ઓ સ્વર્ગીય લ્હેરી,
જીવનમોતીના ન્યોછાવરોથી એ પળ પૂજું હું ઘેલી,
સનમ-સ્મૃતિનાં ફૂલનીરે અંજલિ મેં ભરી—પ્રિય૦

કુંજ— ૧૬

દિલીપ પ્રિય પ્રાણ છે,
સુધા: વીર એ અમીર એક મુજ શ્વાસ છે,
દીપાવનાર દેહ એજ આત્મ સુખદ્દાણ છે. —દિલીપ૦
શિર તાજ રાજ પ્રેમીઓ તણું મહાન છે,
આ દિલનો આરામ છે,
પ્રકાશમાન દિવ્ય સ્નેહભાણ છે,
ઉદ્ધારનાર આત્મનાવ એક એ સુકાન છે. —દિલીપ૦

વારાંગનાઓ— ૧૫

સૈયાં છાંડ દે મોરી સૈયાં,
બિનતિ કરત હું પડ તોરે પૈયાં,
બાર બાર બલ જૈયાં. —સૈયાં૦
રૂમક ઝુમક મોરી પાયલ બાજે,
જાગત સાસ નનંદિયાં. —સૈયાં૦



લતા— ૧૬

જીવન સફલ કરવા જીવાય.
બંધન જાય, સુખ સધાય,
દુઃખ અલપાય તે કમાય —જીવન૦
પાપો પુનિત સ્પર્શથી જાય,
ક્ષાર પ્રતિમાં સાગર સમાય,
એકજ ઉપાય, ઉદ્ધારવા કાય,
પુણ્ય પ્રતાપે પ્રભુ મલી જાય —જીવન૦

કુંજ તથા સાહેલીઓ—૧૭

વસંતની ખીલી પ્યારી બ્હાર, રેલી મીઠી મોહધારા.
પ્રાણ પાંખડી માંહિં નીતરે સુગંધી સ્નેહસાર —રેલી૦
વન વનમાં વરસી રહ્યાં એક વસંત પરાગ,
દિલ દિલમાં ઉછળી રહ્યો એક એજ રસરાજ.
ગિરિ, ઝાડી, વાયુ, વારિ, બ્હેંકતાં,
આત્મવેણુથી પ્રેમી પંખિડાં સુણાવે ટહુકાર —રેલી૦
દિલ લોભને છે બંસરી, રસશોભન ઋતુરાજ,
જગરોશન છે ચાંદની, જીવનમોહન રાગ.
પ્રીતે પૂજિયે પ્રેમ–રાજની મધુમાધવ આજ. —રેલી૦

રોશન— ૧૮

બાળા, પ્રિય સ્વામી સ્વીકારો,
પ્રીત થકી ઓવારો પ્રીતમ પ્રાણ. બાળા—
આશ જે મધુરી દિલ મધુરે ધરો,
તે થાઓ સફલ સુખકલ્યાણ,

આ આખુર—
આત્માને મંદિર સુરભિ પ્રસરાવે ગા.

કુંજ— ૧૯

અરે આજે આણુનાં લ્હાણાં હું પામી તમ પ્રીતથી—અરે.
દુ:ખીની બિમારી, દિલ ધારી,
બુટી પાઈ દિવ્ય કીમતી,
ચેતન તણી જ્યોતિ અણુ અણુ મહિં ભરતી.
આભારી હું આભારે ઉભરતી—અરે આજે.
દિલ ખેલું શું ગણી હું બાળા!
જખમ રૂઝયા એ પુણ્ય તમારાં,
રોશન—જીગર જખમી હો ના કુમારાં,
સુખમાં પ્રેમીઓ સાથ રહો એ આશિષ અંતરની—અરે.

રોશન— ૨૦

સમજાવ્યું સખા કેરા સ્નેહે,
જાગી જ્યોત સ્વયંપ્રીતિ દેહે. —સમજાવ્યું૦
પ્રિય લોચને નવ તેજ પ્રેમપ્રદીપનાં ચમકી રહ્યાં,
એ પુણ્યમય દર્શન થકી ઘન તિમિર પડ ભાગી ગયાં,
કિરણ સ્પર્શે સુહૃદનાં આ હૃદ કુસુમ ઉઘડી ગયાં,
આત્મકમલે જ્ઞાનનાં પીયુષડાં ઉભરી રહ્યાં,
ન્યારાં જાદુ છુપ્યાં સ્નેહી નેહે —સમજાવ્યું૦

ચમનકાન્ત— ૨૧

જાઉં વારી પ્યારી હું તો કુરબાન,
પ્રિય દિલજાન, ભૂલ્યો છું હું ભાન,
હયદા—મને કાં હેવાન, દીવાના ગુલામ. —અરે જાઉં૦

... ... બોલો,
મનઝાન્ત—પ્રીતિનું પુરાણ હું તો જાણું, છું ગુરૂ મહાન
અરે જાઉં૦

આંઓ— ૨૨

એ સુહાવશે હો રાજ, તમ ગૂઢ આંગણાં,
વધાવજો પગલાં એ શ્યામ, અમૂલ મોતી થાળ ભરી
રસિયામણા—એ૦
એ રીઝાવશે હો રાજ, તમ દિલ કુમળાં,
મનાવજો મનડાં એ શ્યામ, અંતરકેરાં દાન દઇ શુભ
ઉજળાં—એ૦

બિજલી— ૨૩

દિલડું ઓવારૂં પ્રિય પર,
સ્મિત કામણગારૂં પ્યારૂં નિરખી —દિલડું
મધુર અધર રસ પાઇ અનુપમ,
હેવી મદે ભરી રમતી રસ ભરેલી,
રસેલી હું ઘેલી નવેલી,
રેલી રસે રંગ હેલી —દિલડું૦

બિજલી— ૨૪

નહિ છેડાજી, નેનબાણે દીવાની હું છું
દિલ દિવાની હું છું, ભોળુ છે દીવાનું જોબનિયું રસિલુ—નહિ.
અનંગભરી મીઠી પીધી પ્યાલી અમીની,
શરીર શુદ્ધિ ગઇ, રહી સ્મૃતિ સુમીની,
નેનથી ઝુમી લઇ કરો નાહિ હરદી દીલડું— નહિ.

વિહારકેતુ— ૨૫

સમય સાચવે તેને નર ગણો ખરા,
જે દિશાએ વાયુ વાયે સાથી ત્યાંના કામના—સમય.
થાય કદિ જો પંથ અંધારો તેથી ન ડરો જરા,
અંધારૂં રહેવું સારૂં, જો હો પ્રકાશે એકલા,
સાથ સારો, તારનારો નહિ બીજા કામનો—સમય.

——:o:——

રોશન— ૨૬

નજર હું માગું સુહાઈ, ના બીજી છે વિનતિ હા.
જીગર આ જાયે સુકાઈ એ નૂર જો નિરખું ના—નજર૦
નિગાહે મીઠી હું રીઝું, એ પ્યારા બોલથી હા.
હસે જો આંખ દુલારી, હું સુખીને ક્ષેમ તો હા.—નજર૦
કદિ હું હોઉં ગુનાંહી, દે તું શાપ ઝાલિમ,
રહમહું રંક એ માગું, આ નેનોની રોશની હા.—નજર૦

૨૭

સુધા—આપો આપો ચુંબન પ્યારી પ્રીતથી,
કાં લજાઓ અલિ, સાને જાઓ સરિ ?
કુંજ—ના બનાવશો, નચાવશો ન નેન જરી રે.—આપો૦
સુધા—કહે નેનોમાં ભુરકી શી ભરી ?
કુંજ—તમારી જાદુગરી,
સુધા—મીઠી મધુરી પરી,
પરી કહું, પ્યારી કહું, કે કહું મધુરી ?
કુંજ—ફસાઈ ભોળી હું અજાણ, છોડો રહેમ કરીરે.—આપો૦

. . . . . વ્હાલાના સ્નેહરંગમાં,
અરવિંદ—શાંતિ શીળી વ્યાપી મધુરી અંગે અંગમાં,
લયલા—પ્રાણ કળિ ખીલી ચંદ્ર કેરા સંગમાં,
અરવિંદ—[મ્હારા સમ ?
લયલા—નવ નવ પરિમલ કરે વ્હાલમમાં,
અરવિંદ—મીઠી સુગંધીથી થયો મસ્ત આનંદમાં.
લયલા—નહિ વિસરશો દિલ રંકલા.
અરવિંદ—રેશો શુદ્ધ બુદ્ધ જો આ કેફના પવનમાં,
લયલા—હરી આજ હું તો પિયુના કામણમાં,
અરવિંદ—[મ્હારા સમ ?] —પ્રાણ૦

૨૯

સુધા—રેહા નાથ સ્મિત આજ જોઉં કૃષ્ણશી મોહિની,
ચંદ—બંસીધારી કેરી લીલા સહુ ગોપીની,
સુધા—હારી દિલ હું તો રાજ, આજ, શ્યામશોભિની,
લ્હાણ લઇશું દઇશું જી હાં. રેહાં૦
કામણ કરીએ, અંતર હરીએ,
ફરીએ પ્યારો સાથ દિલચોર સાથે.
ચંદ—નયન કેરાં મોર છો.
સુધા—કાળજાની કોર પ્રિય છો ચકોર ચંદ્ર ને,
લ્હાણું લઇશું દઇશું જી હાં, રેહાં૦

કુંજ— ૩૦
રે બાંસરી થકી વનમાળી,
કોમલ દિલહર સૂર સહુ પૂજત,
ગુંજત પ્રભુ બ્રિજહારી. રે૦

પ્રીતિ રસની ઝારી,
નયનો નચાવત, મનડાં મનાવત,
એજ ગોપીજન પ્યારી. કે !

૩૧

સુધા—હવે ન્હાસે જો એને સોગન એમને,
કુંજ—સતાવો શું મૂકી વિવેક રહેમને,
કરૂં છું વિનતિ પડું છું હું તમ પાયે,
દિલીપ—છોડી દોને એમને —હવે૦
સુધા—આપો એક કોલ બંધ તોડું હું તમામને,
કુંજ—છોડો ના જો પછી કોલ તો શું કામ એ.
સુધા—નીમીએ લવાદ ભાબીના આ શ્યામને,
કુંજ—કબૂલ, માગો માગવું જે હોયે,
સુધા—માગું તન નેનનો,
સુધા—માગું તન નેનને,
કુંજ—[બબડું, આપી તનારી માગણી !] —હવે૦

પ્રજાજન— ૩૨

જીવન નદ તટે મનુજ મળ્યાં,
પ્રાણપુનિત ઘટ ઘટ નીર ભર્યાં,
સંત સુજન દરશન શુભ મંગલા—નદ તટે
ન વિસરશો સાધુનાં સુમંદિરિયાં,
મુક્તિદાતા થાયે બાલથી જે સમરિયાં,
જગત પાવન માનો જાહ્નવિ ગંગા જીવનિયાં—તટે

સમાપ્ત.